રવિવાર, તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૦૮



# વડોદરાના યુવાનોની શોર્ટ ફિલ્મ કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં રજૂ થશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

એક બડા ડાયરેક્ટર બનને કે લીયે કયા ચાહિયે ? એક બઢી હુઇ દાઢી ઔર એક ભારી સા નામ... પોતાના નાનકડા હેન્ડીકેમથી ઘરમાં ને ઘરમાં પોતાની સ્ક્રીપ્ટ જાતે બોલીને નાનીનાની ફિલ્મો સર્જવાની ધૂન ધરાવતા એક યુવાનની કથાને આગામી કેઇન્સ અને બર્લિન ફિલ્મ ફેસ્ટીવલમાં સ્થાન મળશે ત્યારે વડોદરા વાસીઓ એ પોતાના શર્ટના કોલર ઊંચા કરવા પડશે.

પાંચ મહિના પૂર્વે વડોદરામાં યોજાયેલા શોર્ટ ફિલ્મ મહોત્સવમાં રજૂ થયેલી ૨૪ ફિલ્મોમાંથી નિર્ણાયકને પસંદ પડેલી ફિલ્મ જ્હોની શર્મા, તે પછી ઝી સ્ટુડીયોના ફિલ્મ મહોત્સવમાં પહોંચી દેશભરમાંથી આવેલી અઢીસો ટૂંકી ફિલ્મોમાં પસંદ થયેલી અંતિમ બાર ફિલ્મોમાં વડોદરાની જ્હોની શર્મા પણ હતી. દેશભરમાંથી એસએમએસથી મંગાવાયેલા મતોનો મોટો ઝુકાવ જ્હોની શર્મા તરફ રહ્યો અને કલાનગરીના યુવાન કસબીઓએ કચકડે કંડારેલી લઘુફિલ્મ આખા દેશમાં પ્રથમ આવી, જે હવે વિદેશી ફિલ્મ મહોત્સવની શોર્ટ ફિલ્મ કેટેગરીમાં સ્પર્ધાનાં ધોરણે રજૂ કરાશે.

પાંચ મિનિટની આ ફિલ્મનું નિર્માણ દિગ્દર્શક બેલડી પરિતોષ ભોલે અને દીપપંજવાણીએ અગિયાર દિવસના શૂટીંગમાં પૂરી કરી હતી. તેમના જણાવ્યા મુજબ ડાયરેક્ટર બનવાનું શમણું સેવતો ક યુવાનની જીવનની કેટલીક ક્ષણો અત્રે દર્શાવી હછે. ફિલ્મ બનાવવાની રટમાં કોલેજમાં ત્રણવાર નાપાસ થતો યુવાન, પત્ની ગુમાવી ચૂકેલા તેના પિતાની તેને અવારનવાર થતી ટકોર, કોલેજમાં નાપાસના પરિણામની જાહેરાત સાથે તેણે સ્પર્ધામાં મોકલેલી તેની ફિલ્મ સ્પર્ધાના પહેલા રાઉન્ડમાંથીજ બહાર નીકળી ગયાનો સંદેશો મળતાં માનસિક સ્થિરતા ગુમાવતો યુવાન-ડાયરેક્ટર તરીકે દાટી બઢાવવા માંગતા આ યુવાનની દાટી નિષ્ફળતાથી મળેલા પાગલપણાને કારણે વધી જાય. ફિલ્મમાં અગણિત શણો હૃદયને સ્પર્શે છે.

પાંચ મિનિટની કથા અનેક યુવાનોની કથા હોવાનું આ દિર્ગદર્શક બેલડી કહે છે કારણ કે શમણાં જોતા દરેક યુવાનને સફળતા મળતી નથી અને તેને કારણે તેનામાં ઉદભવતો માનસિક શૂન્યાવકાશ એક સાયકો કેરેક્ટરનું સર્જન કરે છે. જ્હોની શર્મા આવા લોકોનો પ્રતિનિધિ હોવાનું તેમણે જણાવ્યું હતું.

અભિનનેતા સંતોષ રાણેએ જ્હોની શર્માને પોતાનામાં આત્મસાત કરીલીધો હોય તેમ મુલાકાત સમયે પણ તેની દાઢી વધેલી હતી. કેરેક્ટરના સંદર્ભમાં ઘણી બાબતોને આતમસાત કરતાં મારો અભિગમ જાનદાર બની ગયાં તેમ તેનું કહેવું છે.દેશભરમાંથી જ્હોનીશર્માને મળેલી મત સૌથી વધુ હતા ગુજરાત અને પંજાબે જ્હોનીને કોથળા ભરીને મતો આપ્યા છે. નિર્માણ વૃંદને પંજાબ તરફથી આટલા મોટા ટેકાની આશા નહતી.

## મ.સ.યુનિ.ના વિદ્યાર્થીઓ ફિલ્મ નિર્માણમાં સફળ થયા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

લાંબી ફિલ્મો બનાવવા કરતાં સંદેશાવાહનક હોય તેવી ટૂંકી ફિલ્મો બનાવવાનું કામ અઘરૂં જ નહીં ઘણું અઘરૂં હોય છે. જ્હોની શર્મા બનાવનાર ઈંજિન ગૃપે આ કલા સિધ્ધ કરી લીધી છે.

જ્હોની શર્માના દિગ્દર્શક પૈકી પરિતોષ ભોલે એમ.એસ. યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીના બીઈઈસીના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. બીજા દિગ્દર્શક દીપ પંજવાણીએ એપ્લાઇડ ફિઝિક્સ સાતે એમ.એસ.સી. કર્યું છે. અને ગોલ્ડમેડલ મેળવ્યો છે.

નાયક બનતો કલાકાર સંતોષ રાણે ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસની નાટક વિભાગની માસ્ટર ડિગ્રી મેળવી ચૂકેલો છે.

ફિલ્મમાં એડિટરની જવાબદારી ડીપ પંજવાલીએ સંભાળી હતી. વિશ્લેષકોને ફિલ્મોમાં રહેલી નાનીનાની પ્રતીકાત્મક રજૂઆતો વધારે પસંદ આવી હતી.

## 'જ્હોન શર્મા' ફિલ્મને ગુજરાત-પંજાબમાં પ્રચંડ પ્રતિસાદ મળ્યો